

વરસાદી વાતાવરણ વચ્ચે શહેરમાં ઠેર ઠેર ભૂવા અને ખાડા પડી રહ્યા છે. ત્યારે અડાલજ ખોરજના બ્રીજ પર જ વરસતા વરસાદમાં બાકોરૂ પડ્યુ હતુ. આ બ્રીજ પર વાહનોની ખુબ અવરજવર હોઈ સાવચેતીના ભાગરૂપે બાકોરાની આસપાસ બેરીકેટ મુકીને વાહનોને ડાયવર્ઝન અપાયુ છે.

## ખૂણેખાંચરેથી

● રાજ્યના મુખ્યમંત્રી બે દિવસ દિલ્હીના પ્રવાસે હોવાથી શહેર સહિત રાજ્યના રાજકીય વર્તુળોમાં બહુ ધમધમાટ જોવા મળતો ન હતો.

● સે. ૨ ના રહીશ અને ગાંધીનગર બ્રહ્મસમાજના અગ્રણી ગિરીશ ભટ્ટે રવિવારે બહુચરાજી ખાતે નવચંડી યજ્ઞનું આયોજન કર્યુ હતુ.

● ગાંધીનગર શહેરમાં આજે દિવસ દરમ્યાન હળવા વરસાદી ઝાપટા ચાલુ રહેતા લોકોએ રજાનો દિવસ ઘરમાં જ વિતાવ્યો હતો.

● માણસા સાયન્સ કોલેજ ખાતે એન.એસ.એસ. અને ઈકો ક્લબના ઉપક્રમે વૃક્ષારોપણ કરાયુ હતુ.

● ગાંધીનગર જિલ્લા હોમગાર્ડઝ દ્વારા મુક્તિધામ ખાતે આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે વૃક્ષારોપણ કરાયુ હતુ.

● માણસા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ઉમાશંકર જોશીની ૧૧૧મી જન્મ જયંતિની ઉજવણી કરાઈ હતી.

● કલોલના આરસોડિયા ખાતે પ્રા. શાળામાં જીવન કૌશલ્ય આધારિત બાળમેળાનું આયોજન કરાયુ હતુ.

● સે. ૨૩ સ્થિત અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓએ અરવિંદ કેન્દ્ર સે. ૨૩ની મુલાકાત લીધી હતી.

● માણસા આનંદીમાના વડલા ખાતે માણસા તાલુકા પ્રાથમિક શૈક્ષિક મહાસંઘના યજમાનપદે જિલ્લા કક્ષાનો ગુરૂવંદના કાર્યક્રમ સેવાનુરાગી દિનેશભાઈ વ્યાસના અધ્યક્ષસ્થાને યોજાઈ ગયો.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે ૧૧૦૦થી વધુ લોકોને કોરોના વેક્સીનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.

### ઈન્ડસ્ટ્રીયલ વિઝીટના ઉપક્રમમાં

# ચેમ્પ્સ એકેડેમીના વિદ્યાર્થીઓએ મધુર ડેરીની મુલાકાત લીધી



ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરની જાણીતી શૈક્ષણિક એકેડેમી ચેમ્પ્સના વિદ્યાર્થીઓએ તેમના ઈન્ડસ્ટ્રીયલ વિઝીટના સેગમેન્ટમાં આજે પાટનગરની મધુર ડેરીની મુલાકાત લીધી હતી. ચેમ્પ્સના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને પાંચ ફેકલ્ટીએ આ ઈન્ડસ્ટ્રીયલ વિઝીટને અત્યંત ફળદાયી અને ઉપયોગી ગણાવી હતી. ચેમ્પ્સ એકેડેમીના ડાયરેક્ટર અને શહેરના જાણીતા એકેડેમિશિયન કેવલ ત્રિવેદીએ જણાવ્યું હતું કે ચેમ્પ્સ એકેડેમી વિદ્યાર્થીઓના ઓલ રાઉન્ડ ડેવલપમેન્ટ ઉપર વિશેષ ભાર આપે છે. વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ અનુસાર મજબુત રીતે તૈયાર કરવા ઉપરાંત ભવિષ્યમાં એમની સામે આવનારા વિવિધ રોજગાર અને સ્વરોજગારના ક્ષેત્રાનું એક્સપોઝર મળે એ માટે ચેમ્પ્સ દ્વારા પ્રતિ વર્ષ બે થી ત્રણ જેટલી ઈન્ડસ્ટ્રીયલ વિઝીટનું આયોજન કરામાં આવે છે એમ ત્રિવેદીએ વધુમાં ઉમેર્યુ હતુ. મધુર ડેરીના એડમિસ્ટ્રેટિવ હેડ મહાવીરભાઈ રાણા અને મધુર ડેરીના અધિકારીઓની ટીમે ચેમ્પ્સના વિદ્યાર્થીઓને મિલ્ક રીસીવીંગ પ્લાન્ટ, પેશ્ચુરાઈઝેશન પ્લાન્ટ, સ્ટાંડર્ડાઈઝેશન એન્ડ પેકેજીંગ પ્લાન્ટ વગેરેની ઊંડાણપૂર્વકની સમજ આપી હતી. પ્રતિદિન ૨.૫ લાખ લીટર દૂધ પ્રાપ્ત કરતી ગાંધીનગરની આ ડેરીના મિલ્ક પ્રોસેસિંગ યુનિટ ઉપરાંત ઘી મેકિંગ યુનિટ, આઈસક્રીમ યુનિટ અને સ્વીટ મેકીંગ યુનિટની મુલાકાત વેળા વિદ્યાર્થીઓના વિવિધ પ્રશ્નોની મહાવીર રાણા અને તેમની અધિકારીઓની ટીમે સરળ ભાષામાં સમજ આપી હતી.અત્રે એ ઉલ્લેખનીય રહેશે કે વર્ષ ૨૦૨૨માં સીબીએસસી બોર્ડના ધો. ૧૦ અને ૧૨માં આવેલા પરિણામમાં ચેમ્પ્સના વિદ્યાર્થીઓનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. ૬૦ ટકા જેટલા ચેમ્પ્સના વિદ્યાર્થીઓએ ૯૦ ટકા ઉપરાંતના ગુણ મેળવી સફળતા હાંસલ કરી છે. એસએસસીમાં ચેમ્પ્સની શ્રેયા જોશીએ ૯૬ ટકા, જયદીપ પ્રજાપતિએ ૯૩ ટકા, આયુશ સિંઘે ૯૧ ટકા પ્રાપ્ત કરીને નગરનું નામ રોશન કર્યું છે. ચેમ્પ્સના વિદ્યાર્થી અભિજીતે મધુર ડેરીની પ્લાન્ટ વિઝીટ બાદ જણાવ્યુ હતું કે અભ્યાસની સાથે સાથે આ પ્રકારની ઔદ્યોગિક એકમોની મુલાકાતથી અમને નવતર દિશાઓની જાણકારી મળે છે. વિદ્યાર્થીની કશીશ ચૌધરીએ એના પ્રતિભાવમાં જણાવ્યું હતું કે ચેમ્પ્સના ડાયરેક્ટર કેવલ સર અને દરેક ફેકલ્ટીના બધા વિદ્યાર્થીઓનો સમગ્રતયા વિકાસ થાય અને સાચા અર્થમાં ચેમ્પિયન બની ભાવિ કારકિર્દી વધુ ઉજ્જવળ બને એ દિશામાં સતત પ્રયાસો કરે છે. મારા મતે અભ્યાસ ઉપરાંત ઓલ રાઉન્ડ ડેવલપમેન્ટ થાય એવી ઉપયોગી એક્ટીવિટી ચેમ્પ્સ એકેડેમિનું સૌથી મોટુ જમા પાસુ છે એમ કશીશે ઉમેર્યુ હતુ. ચેમ્પ્સની ઈન્ડસ્ટ્રીટલ વિઝીટ વેળા ફેકલ્ટીઓ સર્વ વિકાસ પટેલ, રાજેશ સોલંકી, ધ્રુતિ કક્કડ, સ્નેહલ જાની, રીલેશ એરડા વગેરે જોડાયા હતા. ઈન્ડસ્ટ્રીયલ વિઝીટ બાદ ચેમ્પ્સના દરેક વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી નવાજવામાં આવ્યા હતા.

# સાદરા સંકુલ દ્વારા હેરિટેજ વોક કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા. ૨૪

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના બી.એ. એમ.એ. વિભાગના ૨૩૦ વિદ્યાર્થીઓ અને ૨૫ સેવકો સાથેનો ઐતિહાસિક ગામ સાદરામાં આવેલાં ઐતિહાસિક વિરાસતો (પૌરાણિક સ્થળો)ની પ્રત્યક્ષ મુલાકાત લઈ ઈતિહાસ જાણવા અર્થે હેરિટેજ વૉક કાર્યક્રમ યોજવામાં આવ્યો.

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતીદેવુ, ડૉ. દિવ્યેશ ભટ્ટ દ્વારા આયોજીત અને સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલના સીધા માર્ગદર્શનથી સાદરા ગામમાં હેરિટેજ વૉકમાં સૌ પ્રથમ ૧૮૫૭માં સ્થપાયેલું અંગ્રેજોના અભ્યાસનું મકાન જોયા બાદ, આરામ ગૃહ, અંગ્રેજો વખતની મોચી ઓળ, દરજી ઓળ, વિક્ટોરીયા ટાવર, વિક્ટોરીયા લાયબ્રેરી, પંચાયતી રાજ તાલીમ કેન્દ્ર, બ્લેક સ્કૂલ, આરોગ્ય કેન્દ્ર, કિલ્લો, ફાંસીનો માંચડો, અન્નદાતા ટેકરી, રામજી મંદિર, જક્ષણી મંદિર, તત્કાલેશ્વર મહાદેવ, ભાવસિંધિયા મહાદેવ, રાધાવલ્લભ મંદિર, સ્વામિનારાયણ મંદિર, જૈન દેરાસર, પ્રિન્ટીંગ પ્રેસ, અન્નપૂર્ણા કેન્દ્ર જેવાં એકવીસ સ્થળોની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ તેમજ સૌ સેવકો માહિતગાર બન્યા. પંચાયતી રાજ તાલીમ કેન્દ્રના આચાર્ય તેજસકુમાર ઠાકરે તાલીમ કેન્દ્રમાં ચાલતા વિભાગોની માહિતી આપ્યા બાદ ચા-કોફીની ચુસ્કી કરાવી હતી. અન્નપૂર્ણા કેન્દ્રના સંચાલક કનુભાઈ ગોસ્વામીની ઉમદા ભાવનાથી થાક્યા પાક્યા વિદ્યાર્થીઓ અને સેવકોને બટાકા પૌંઆ-ચાનો નાસ્તો કરાવી હેરિટેજવર્ક કાર્યક્રમમાં પ્રાણ પૂર્યા. આ હેરિટેજ વૉક સવારે ૮ વાગે શરૂ થઈ બપોરે ૧૧ વાગે પુરી થઈ. ઈતિહાસ વિભાગના ડૉ. રાજેન્દ્ર જોષી, ગૃહપતિ મોહનભાઈ અને પ્રદીપ રાઓલે આગોતરી વ્યવસ્થાઓ ગોઠવી હેરિટેજ વૉકને સફળ બનાવી.

# સે-૨૨ વાસ્તુનિર્માણ સોસાયટીમાં ઘર નજીકથી ઈકો કારની ચોરી

## દ્વિચક્રી વાહનો તો ઠીક પરંતુ ચોર શખ્સો હવે ઘર પાસેથી ફોરવ્હીલ કાર પણ ચોરી કરતા અચકાતા નથી

ગાંધીનગર, તા.૨૪

રાજયના પાટનગરમાં વાહનચોરી છેલ્લા કેટલાક સમયથી અવિરત ચાલુ છે. ત્યારે દ્વિચક્રી વાહનો તો ઠીક પરંતુ ચોર શખ્સો હવે ઘર પાસેથી ફોરવ્હીલ કાર પણ ચોરી કરતા અચકાતા નથી. નગરમાં વાહનોની સલામતી ઝોખમાઈ રહી છે. ત્યારે સેકટર-૨૨ વાસ્તુ નિર્માણ સોસાયટીમાં ઘર પાસે પાર્ક કરેલી ઈકો કારની ચોરી થવા પામી છે. ત્યારે વૃધ્ધે રૂ.૩,૭૪,૫૦૦ ની કિંમતની ઈકો કાર ચોરી અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૨ પ્લોટ નં.૫૬૧-એ ખાતે રહેતા જયંતિલાલ કાનજીભાઈ ગઢીયા (ઉં.૮૪) અને તેમની દિકરી સ્વાતિ વસવાટ કરે છે. જયારે વૃધ્ધ નિવૃત જીવન પસાર કરી રહ્યા છે, અને તેમનો દિકરો વિદેશ રહે છે. જયારે શહેરમાં ફરવા માટે વડીલ પાસે ઈકો કાર નં. જી.જે.૧૮.બી.પી.-૪૨૨૪ હતી. ગત તા.૨૩ જુલાઈના રોજ રાત્રીના દશ વાગ્યાના સુમારે ઘરની પાસે ઈકો કાર લોક મારી મુકી હતી. ત્યારબાદ રાત્રીના સુઈને સવારે જોયુ તો ઘર પાસે પાર્ક કરેલી ઈકો કાર ન હતી. વડીલે આસપાસના વિસ્તારમાં ઈકોની શોધખોળ આદરી હતી. પરંતુ મળી આવી ન હતી. પાડોશીને જાણ કરતા સેકટરની આસપાસના વિસ્તારમાં ઈકો કારની શોધખોળ કરી હતી, પરંતુ ઈકો કાર કોઈ જગ્યાએથી મળી આવી ન હતી.જયારે ઈકોની આરસી બુક ગાડીમાં જ હતી. જેને પગલે વડીલે ઈકો કારની ચોરી અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીનગર તાલુકા પદાધિકારીઓની કારોબારી બેઠક શાહપુર મુકામે યોજાઈ



ચિલોડા, તા. ૨૪

ગાંધીનગર તાલુકાના શાહપુર મુકામે ગાંધીનગર તાલુકા પદાધિકારીઓની કારોબારી એક બેઠક પ્રભારી શ્રીમતી જયશ્રીબેન પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ. જેમાં ધારાસભ્ય શંભુજી ઠાકોર, એસ.પી. ઠાકોર, રમણભાઈ દેસાઈ, રમેશભાઈ પટેલ, શંકરસિંહ રાણા, હસમુખભાઈ પટેલ ઉપરાંત અપેક્ષિત કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.



ગાંધીનગર શહેરમાં છેલ્લા બે દિવસથી વરસાદી વાતાવરણ છવાયુ છે અને સારો એવો વરસાદ પડી રહ્યો છે. આવા સમયે શહેરના વન વિસ્તારમાં ઉગેલા વૃક્ષોને પણ વરસાદના કારણે નુકશાન પામી રહ્યા છે. વરસાદના કારણે પોચી પડેલી જમીનના કારણે વૃક્ષો ધરાશાયી થઈ રહ્યા છે. ગ-૨ સર્કલ ઉપર જ વૃક્ષ પડી ગયુ છે.



ગુજરાત સ્ટેટ યોગ બોર્ડના યોગ કોચ આશાબેન મેહતા તેમજ ડિવાઈન લાઈફ સોસાયટીના પ્રેસિડેન્ટ અશ્વિનભાઈ દવે દ્વારા એકદિવસીય પિકનિકનું આયોજન 'અર્ણયક ફાર્મ બાકોર' ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં શુદ્ધ અને સાત્વિક ભોજન, સ્વિમિંગની વ્યવસ્થા, ટ્રેકિંગ, ધોધ તેમજ પ્રાકૃતિક સૌંદર્યની મજા આશરે ૬૦ થી પણ વધુ યોગાર્થીઓ માટે કરવામાં આવ્યું હતું.



વોર્ડ નંબર-૩, સે. ૨૪, સરકારી દવાખાનાના પાર્કિંગમાં શેડ તૂટી ગયો હતો. રવિવારની રજાના કારણે કોઈ સાધનો કે વ્યક્તિ હાજર ન હોવાથી કોઈ જાનહાનિ થઈ નહોતી. આ શેડ નવનિર્મિત હોવા છતા અચાનક ધરાશાયી થઈ ગયો હતો જે કામગીરીમાં બેદરકારી દાખવવામાં આવી હોય તેવું માલુમ પડી રહ્યું છે.

